॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● મહા વદ - ૧૧ ● તા. ૦૯-૦૩-૨૦૨૧ ● મંગળવાર SDP NO: 325 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

જ્યોતિ રાજેશ સેંધાણી
નાગપુર

દુનિયાભર માં આજે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ (International Women's Day) તરીકે ઉજવવામાં આવે છે. શું તમે જાણો છો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કેમ ઉજવવા માં આવે છે અને આ દિવસ ઉજવવા નું ક્યાર થી શરૂ થયું?

તો ચાલો જાણીએ તેનો ઈતિહાસ..

પણ એટલો જ રસપ્રદ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવાની શરૂઆત ઈ.સ. ૧૯૦૦માં થઈ હતી. આના માટે ન્યૂયોર્કમાં બનેલ એક ઘટના જવાબદાર હતી. ૧૯૦૮માં ન્યૂયોર્કની એક કાપડની મિલમાં કામ કરતી ૧૫,૦૦૦ મહિલાઓએ કામના કલાક ઘટાડવા માટે, વધારે વેતન આપવા અને તેમને પણ પુરૂષોની જેમ મતનો અધિકાર મળે વગેરે માંગ સાથે એક રેલી કાઢી હતી અને એ કદાચ સૌ પ્રથમ મહિલાઓની રેલી હોવી જોઈએ જ્યારે આટલી વિશાળ સંખ્યામાં એકત્ર થઈ પોતાના અધિકારની માંગણી કરી હોય. એ અધિકારની લડાઈની અસર એવી થઈ કે અમેરીકાની રાજકીય પાર્ટીઓ પણ આ લડાઈમાં જોડાવા લાગી. આ જ સમયમાં ૧૯૦૯ની સાલમાં અમેરીકાની જ સામાજિક પાર્ટીએ પહેલીવાર "નેશનલ વુમન-ડે" ઊજવ્યો હતો.

મહિલાઓએ પોતાની લડતને વધુ અસરકારક સ્વરૂપ આપવા માટે ઓસ્ટ્રીયા, ડેનમાર્ક, જર્મની અને સ્વિઝરલેન્ડ માં લાખો મહિલાઓએ રેલીઓ કાઢી હતી અને આગળ સમય જતાં ૧૯૩૧માં ૮મી માર્ચ ને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે નક્કી કરવામાં આવ્યો ત્યારથી પ્રત્યેક વર્ષ ૮મી માર્ચ ના દિવસે દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મહિલાઓના વિકાસની શરૂઆત પણ ૮માર્ચ, ૧૯૭૫થી જ શરૂ કરી હતી.

ભારતમાં પણ મહિલાઓને અધિકાર અપાવવા માટે અને એમને સશક્ત કરવા માટે બહુ જ પહેલાથી કાર્ય કરવામાં આવ્યું છે. આ કાર્યની શરૂઆત રાજા રામમોહનરાય, કેશવચંદ્ર સેન, ઈશ્વરચંદ્ર વિધાસાગર અને સ્વામી વિવેકાનંદ જેવા મહાપુરુષોએ કરી હતી. જેના પ્રયત્નોથી નારીમાં સંઘર્ષ ક્ષમતાનો આરંભ થવાનો શરૂ થઈ ગયો હતો.

મહિલાદિન આજે લગભગ હવે બધા જ વિકસિત, વિકાસશીલ દેશોમાં મનાવવામાં આવે છે. આ દિવસ મહિલાઓને તેમની ક્ષમતા, સામાજિક, રાજનૈતિક અને આર્થિક પ્રગતિ અપાવવા અને એ મહિલાઓને યાદ કરવાનો દિવસ છે જેમણે મહિલાઓને એમના અધિકાર અપાવવા માટે અથાક પ્રયત્નો કર્યા છે.

આ દિવસ ઉજવવા પાછળ નો હેતુ નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે તથા વિવિધ ક્ષેત્રોમાં સક્રિય મહિલાઓ પ્રત્યે સન્માન પ્રકટ કરવાનો દિન છે. આખા દેશમાં આ દિવસ મહિલાઓને સમાજમાં એમના વિશેષ યોગદાન માટે સમ્માનિત કરવામાં આવે છે અને સમારોહનું આયોજન કરવામાં આવે છે. મહિલાઓ માટે કામ કરી રહેલી કેટલીક સંસ્થાઓ દ્વારા પ્રશિક્ષણ શિબિર, સાંસ્કતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સમાજ, રાજનીતિ, સંગીત, ફિલ્મ, સાહિત્ય, શિક્ષા જેવા ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે મહિલાઓને સમ્માનિત કરવામાં આવે છે.

સમગ્ર દુનિયા માં એક પર્વ તરીકે આ દિવસ ની ઉજવણી કરવા માં આવે છે.

નારી તું નારાયણી હો જગત જનની કહેવાય છે.
જગત કેરું તું સર્જન કરનાર તારો મહિમા અપરંપાર .
ઓ ભારત ની સન્નારી તારી શક્તિ જગ માં ન્યારી,
સેવા સૂશ્રુષા સંસ્કાર ધર્યા તે ,
સૃષ્ટિ ની સર્જન હારી,
સ્નેહ સંપ સહનશીલતા ધારી,
પુરુષ સમોવડી નારી ઓ ભારતની સન્નારી

વિશ્વ મહિલા દીવસની ઉજવણી ચીખલી જિલ્લા નવસારીની મહિલા મંડળમાં કરવામાં આવેલ.. દક્ષિણ ગુજરાત સમાજ ઝોન...

YSK અપને લિયે નહિ, અપનો કે લિયે YSK

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ની યુવા સુરક્ષા કવચ યોજના (YSK) અંતર્ગત ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ રૂપિયા) સહયોગ નિધીનો ચેક અર્પણ...

સાબર રીજીયનના વડાલી ડિવિઝનના વડાલી ખાતે

ગઈકાલે ૦૫/૦૩/૨૦૨૧ નારોજ સાબર રીજીયનના વડાલી ખાતે શ્રી વડાલી વિભાગ ક.ક.પાટીદાર સનાતન સમાજના સભ્ય સ્વ.પરાગભાઈ અંબાલાલભાઈ ચૌધરી,વડાલી જેઓ નું અવસાન થયે થી તેમનો Ysk Id-29431 અને Family Id-151252 હોવાથી જેમને સમાજ ની YSK યોજના અંતર્ગત ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ રૂપિયા) ની સહયોગનિધિ આપવામાં આવી જેમાં ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ રૂપિયા) નો ચેક એક મહિના પહેલા અને ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ રૂપિયા) સહયોગ નિધીનો બીજો ચેક તેમના પરિવારને ગઈકાલે (૦૫/૦૩/૨૦૨૧) ના રોજ અર્પણ કરી આ સાથે YSK ટીમ એ પોતાની ફરજ અદા કરેલ છે.

આ સાથે ગં. સ્વ. ચેતનાબેન પરાગભાઈ ચૌધરી અને તેમના પિયર પક્ષ દ્વારા આ સહયોગ નિધિ દરમિયાન બીજા ૯ YSK આપીને આ યોજના સહભાગી બનેલ છે..

સહયોગ નિધિ અર્પણ દરમિયાન હાજર રહેલ સમાજ સેવકો...

સાબર રીજીયન ટિમ વતી..

શૈલેષભાઈ ધોળુ (સલાહકાર)

અનિલભાઈ પોકાર (સલાહકાર)

વડાલી ડિવિઝન ટિમ વતી..

જીતેન્દ્રભાઈ ધોળુ (પ્રમુખશ્રી)

શૈલેષભાઈ રૂડાણી (YSK કન્વીનર)

કુલદીપભાઈ માવાણી (YSK સહકન્વીનર)

સંજયભાઈ ધોળુ (સ્પોર્ટ્સ કન્વીનર)

પરિવાર પર આવી પડેલ દુઃખમાં સમાજ આપની સાથે છે...નો સંદેશ આ યોજના ની અનુકમ્પા છે.

અપને લિયે નહિ
અપનો કે લિયે...
કાર્ય હમસે
કરેંગે દિલસે ❤

આપ સૌ સમાજજનો ને એક નમ્ર અપીલ કે આપણી યુવા સુરક્ષા યોજના માં અપને લિયે નહિ અપનો કે લિયે...પણ જોડાઈએ...

પ્રવક્તા ધ્રુવ ચૌહાણ
વડાલી ડીવીઝન ટીમ

મનમાં મમતા અને કરુણાના ભાવ સાથે પોતાની જવાબદારીથી પરિવારની ખૂબ સારી રીતે જવાબદારી નિભાવે છે માટે જ કોઈ કવિએ મહિલા શક્તિ માટે કીધું છે

નારી જીવન ની જ્યોતિ

આ વાત બિલકુલ સનાતન સત્ય છે કે જે જવાબદારી મહિલા શક્તિ ઉપાડે તેમાં જોવા પણું ના હોય શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ થી યુવાસંઘ થયું ત્યારથી અત્યાર સુધી જોયું મહિલા શક્તિની ટોપ ૨૦ (મુખ્ય હોદ્દેદારો) માં જવાબદારી હોય કે થીમ લીડર્સ તરીકે યા સહાયક લીડર્સ તરીકે જવાબદારી હોય તેમને પૂરી નિષ્ઠાથી નિભાવી છે, પોતાના પરિવાર અને યુવાસંઘ સાથે કદમ સે કદમ મિલાવી પોતાની જવાબદારીમાં પણ કાર્યરત રહેલ છે આવી આપણી સમાજની સર્વ મહિલા શક્તિને સમાજના સર્વાંગી વિકાસમાં સહભાગી થવા બદલ હું યુવાસંઘ ઉપપ્રમુખ (મિશન ચેરમેન) મોહન ધોળુ - પેટલાદ, પુરી યુવાસંઘ ની કાર્યરત ટીમ વતી મહિલા શક્તિને આજના મહિલા દિને ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામના પાઠવું છું -

જય મિશન - જય યુવાસંઘ
કાર્ય હમસે - કરેંગે દિલસે

સહુ નારી શક્તિ ને આ સાથે અપીલ પણ કરું છું. આપ સહુ આપના પરિવારને યુવા સુરક્ષા કવચ YSK થકી જરૂર અર્પણ ના ભાવ સાથે જોડશો, આ યોજના આપ સહુ માટે કેટલી ઉપયોગી છે તે સમજવાનો પ્રયાસ કરજો.. આપ જો ધારો તો એક પણ ઘર પરિવાર સદસ્ય નું અવસાન થાય ત્યારે લક્ષ્મી શક્તિ સ્વરૂપે આપ તે પરિવાર ની દુઃખમય પરિસ્થિતિમાં એક સ્મિતની ઝલક આપી શકવા સમર્થ છો.. દરેક માહિલાસંઘ ના સદસ્ય પોતાના સ્થાનિક વિસ્તારના મહિલા મદલમાં જરૂર કરે. આપ આપના માવતારના ઘરે પણ આ ઉત્તમ કાર્ય કરી બે ઘર ઉજાગર કરવાનું ઉત્તરદાયિત્વ ઉજાગર જરૂર કરશો..

મોહન ધોળું,
VP, યુવાસંઘ

આજની ચિંતનકણિકા

"પ્રેમ એ શિક્ષણનું રસાયણ છે.
પ્રેમ એ શિક્ષણની ગુરુચાવી છે.
શિક્ષક પાસે શિક્ષણકળા તો હોવી જોઈએ,
પણ એ કળાની સાથે જેમને શીખવવું હોય
એમને માટે હૃદયમાં પ્રેમ હોય તો જ
એ બાળકોને સાચું શિક્ષણ આપી શકાશે."

શિક્ષણ આપવું એ શિક્ષકનો ધર્મ છે, પરમ કર્તવ્ય છે.

શિક્ષણ એ કંઈ ઈંટ-ચૂનાના બનાવેલા મકાન જેવું નથી કે જેનો નકશો-પ્લાન બનાવનાર અગાઉથી ઘડી રાખે અને પછી એ મુજબ ચાલે. શિક્ષણ એ તો વૃક્ષ જેવું છે, જે પોતાના જીવનના લય સાથે તાલ મિલાવીને, તેને અનુરૂપ થઈને વિકાસનું માધ્યમ બને છે.

પ્રત્યેક બાળકની શીખવાની પદ્ધતિ અને ગતિ ભિન્ન હોય છે, તેથી શિક્ષક એના લય અને તાલમાં એકરૂપ થાય તો જ શિક્ષણ આપી શકે...અને, આ જ શિક્ષણધર્મ હોઈ શકે.

(પૂર્ણ)

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

જાગૃતિ મહિલા મંડળ કડોદરા સુરત

આજે વિશ્વ મહિલા દિન નિમિત્તે કડોદરા સમાજની મહિલા પાંખ એટલે જાગૃતિ મહિલા મંડળ દ્વારા મહિલા મંડળની વિશેષ સભાનું આયોજન પાટીદાર ભવનમાં કરવામાં આવ્યું..

પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન માનાણીના અધ્યક્ષ સ્થાને આજની સભામાં મહિલા મંડળની ૩૫ મહિલાઓ ઉપસ્થિત રહેલ હતા ...

સભાની શરૂઆત ગણપતિ સ્તોત્ર સાથે કરવામાં આવી હતી...

કોરોના સમય દરમ્યાન અવસાન પામેલ અને ખાસ છેલ્લે યુવા પુત્રવધૂ પણ જે અવસાન પામેલ તેઓને પ્રંભુ પરમ શાંતિ અર્પે તે માટે સહુએ યાદ કરી શ્રધાંજલિ અર્પણ કરેલ.

વિશ્વ વુમન ડે ની ઉજવણી નિમિત્તે મહિલાઓને સવિશેષ જાણકારી અને જાગૃતિ મળે એ હેતુથી Bank of Baroda કડોદરા શાખાના મેનજર મેડમ ઉપસ્થિત રહ્યા હતા. સ્ત્રી ઉતરદાયિત્વની અને પરિવારની અગત્યની ભૂમિકામાં રહેનાર સ્ત્રીને બેંકમાં અવર જવર અને તેવા કાર્ય કરવા પ્રોત્સાહિત કરેલ. જેમણે અનેક યોજનાઓની માહિતી આપી ને સમજાવી અને મહિલાઓએ જાતે બેંકના કામો કરી શકે એના માટે આવકારવામાં આવેલ.

ત્યારબાદ ગુજરાત પ્રદેશ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કડોદરા નગરપાલિકાની ચૂંટણીમાં કડોદરા સમાજના કુલ ૦૩ ઉમેદવાર ચૂંટણીમાં ઉમેદવારી કરેલ તે પૈકી ૦૨ ઉમેદવાર ચૂંટાયેલ.જેમાં એક મહિલા ઉમેદવાર પણ ભાજપના પ્રતીક પર જીતેલા એવા શ્રીમતી નીતાબેન પોકારનું વિશેષ સન્માન કરવામાં આવ્યું અને સહુએ વીર તાળીથી બિરદાવેલ..

કોરોના વેકસીન સિનિયર સીટીઝનને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આપવામાં આવે છે ત્યારે સહુને તેનું રસીકરણનું કાર્ય સત્વરે પૂર્ણ કરવા અપીલ કરવામાં આવે છે. ઉપપ્રમુખ ગીતાબેન ધનાણી દ્વારા સમાજના પ્રમુખશ્રી માવજીભાઈ અને વડિલ નરસિંહ પોકાર સાથે જમનાબેન અને જયાબેનને સહુ પ્રથમ વેકસીન મુકાવી કડોદરામાં પ્રારંભ કરવામાં આવેલ તેની માહિતી આપી અને અન્ય તમામને આ વેકસીન મુકાવી દેવા વિનંતી કરવામાં આવેલ.

કોરોના દરમ્યાન આવી કોઈ સભા કરી નથી શકયા જે હાલમાં વેકસીન આવ્યા બાદ અને સરકાર દ્વારા હવે કોરોના મુક્ત ભારત બનાવવામાં આવશે એવી માહિતી આપેલ..

એક બીજાને આભારનો ભાવ વ્યક્ત કરીને મુક્ત મને રમતગમતનો કાર્યક્રમ માણી અને અલ્પાહાર લઈ સૌ છૂટા પડ્યા.

મહામંત્રી,
વનિતાબેન પોકાર..

આનંદ મેળો જિયાપર



શ્રી લક્ષ્મીનારાયણ સનાતન મહિલા મંડળ આયોજીત આનંદ મેળો આજે જીતેશ્વર મહાદેવના સાનિધ્યમા જીયાપર ખાતે આયોજન કરવામાં આવ્યું જેમાં જીયાપર સનાતન સમાજના સૌ સભ્યો મોટી સંખ્યામાં જોડાયા.જેને સફળ બનવા પુરી મહિલાની ટીમમે જહેમત ઉપાડી

- પ્રમુખશ્રી:- પાર્વતીબેન ચોપડા
- ઉપપ્રમુખશ્રી:- કસ્તુરબેન લીંબાણી
- મહામંત્રીશ્રી:- રમીલાબેન પોકાર
- મંત્રીશ્રી :- કાંતાબેન રામજીયાણી
- ખજાનચીશ્રી:- શાંતાબેન લીંબાણી
- સહખજાનચીશ્રી:- વનિતાબેન પોકાર, તેમજ યુવામંડલની ટીમ
- પ્રમુખશ્રી:- દીપકભાઈ ચોપડા
- ઉપપ્રમુખશ્રી :- અશોકભાઈ જબુયાણી અને મહેશભાઈ લીંબાણી
- મહામંત્રીશ્રી:- વીરેન્દ્ર ચોપડા, તેમજ યુવા મંડળની ટીમે સ્થાનિક વ્યવસ્થા પુરી પાડી.

નારી સમાજની વાસ્તવિક વાસ્તુકાર સુરતમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સમાજ અને રાષ્ટ્ર કાજે સક્રિય મહિલાઓ ના ગૌરવ સાથે સન્માન

તારીખ ૬-૩-૨૦૨૧ના રોજ સચીન ડાયમંડ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માં બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા ૮ માર્ચ મહિલા દિવસ અંતર્ગત ગ્લોબલ ડીવાઈન વુમન આઈકોન એવાર્ડસ નું આયોજન કરવામાં આવ્યુ. જેની થીમ હતી "નારી સમાજ ની વાસ્તવિક વાસ્તુકાર". સમાજના ઉત્થાન માટે નારી શક્તિ દ્વારા જે કાર્ય થયા તેને પ્રોત્સાહિત કરવા માટે આ કાર્યક્રમ નું આયોજન સાધનાભવન સચિન ની મુખ્ય સંચાલીકા રાજયોગીની બ્રહ્માકુમારી સવિતા દીદીજી અને તેની સહયોગી બ્રહ્માકુમારી રીના દીદીજી દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ મા મુખ્ય અતિથિ આદરણીય સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોસ (MP of Surat, District), આદરણીય શ્રીમતી પન્ના મોમાયાજી (DCP, Zone - 4,Surat), શ્રીમતી અસ્મિતા સીરોયા (Ex- Mayor of Surat) અને સરલા જાજૂજી ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તા ના રૂપ માં શાંતિવન આબુ રોડ થી રાજયોગિની ડોક્ટર સુનિતા દીદીજી હાજર હતા. સમાજ કે રાષ્ટ્રીય લેવલ પર પોતપોતાના ક્ષેત્રમાં કાર્ય કરતી ૧૨૫ મહિલાઓ ના સન્માન મુખ્ય અતિથિઓ દ્વારા કરવામાં આવ્યા. આમા કચ્છ કડવા પાટીદાર સમાજ ની ૦૪ બહેનો ના સન્માન જે સમાજ સેવામાં જોડાયેલી છે તેનું કરવામાં આવ્યું.

૧) પુષ્પાબેન લીંબાણી
૨) દમયંતીબેન ભાવાણી
૩) હંસાબેન પોકાર
૪) પ્રગ્ના બેન પોકાર

આ કાર્યક્રમ મા પરમાત્મા પ્રેમ અને આંતરીક શાંતિ ની વિશેષ અનુભૂતિ ને લગતા AMI Dance Studio ના કલાકારો દ્વારા મહિલાસુર મર્દિની ગ્રુપ નૃત્ય દ્વારા નારીનું શક્તિ સ્વરૂપ ની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

મહીલાદીવસે દરેક નારી ને વંદન

જેના વગર ના રહેવાય
મને હતું કે તેને શ્વાસ કહેવાય
પણ આજે ખબર પડી કે...
તેને પત્નિ કહેવાય.

આપણા સાદનો જ્યારે પ્રતિસાદ મળે
મને હતું કે તેને પડઘો કહેવાય
પણ આજે ખબર પડી કે...
તેને બહેન કહેવાય.

જેને મનનો ભાર આપી હળવું થઈ જવાય
મને હતું કે તેને ઈશ્વર કહેવાય
પણ આજે ખબર પડી કે..
તેને માં કહેવાય.

ફક્ત એક કોલ કરીયે ને આવી જાય
મને હતું કે તેને ૧૦૮ કહેવાય
પણ આજે ખબર પડી કે..
તેને દીકરી કહેવાય...

મહીલાદીવસે દરેક નારી ને વંદન

રીના અનિલ પોકાર
OCEAN COUNCIL PRO & PDO